નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ-૩ અને
વર્ગ-૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃસીઆરઆર-૧૦૨૦૦૫-યુઓ-૧૨૭૭-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૧/૧૦/૨૦૦૫.

વંચાણમાં લીધાઃ-

(૧) સા.વ.વિ.નો તા.૨૫-૨-૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨,
(૨) સા.વ.વિ.નો તા.૧૦-૫-૮૨ નો સરકારી પરિપત્ર ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૮૨-૧૧-ગ.૨,
(૩) સા.વ.વિ.નો તા.૧-૮-૯૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ.૨,
(૪) સા.વ.વિ.નો તા.૧૮-૪-૦૧ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૦૯૯-યુઓ-૪૧૧-ગ.૨

પરિપત્રઃ-

વંચાણ ક્રમાંકઃ(૧) હેઠળના , સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ નાં ઠરાવ અન્વયે યોગ્ય લાયકાતવાળી અને ભરતી નિયમોની અન્ય જરૂરિયાતો ધરાવતી વ્યકિતઓમાંથી, બીજી બધી બાબતો સમાન હોય તો નિયત શરતોને આધિન રહીને નિયમિત ભરતીથી અથવા બીજી રીતે ભરવી જરૂરી હોય એવી સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ ની સેવાઓ/જગ્યાઓ પર નિમણૂંક માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પસંદગી આપવાનું ઠરાવેલ છે, અને તદઅનુસાર-

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા કોઈપણ રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિથી કોઈ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા. આ હેતુ માટે કોઈપણ લિખિત કસોટીમાં એમણે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ ટકાથી વધુ નહી એટલા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાય છે, જ્યારે,

(૨) જ્યાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ.એસ.સી. પરીક્ષા વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણો અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડી શકાય છે.

૨. ઉપર દર્શાવ્યા મુજબની ગુણવત્તા ધરાવનાર ખેલાડીઓને ભરતી સમયે પસંદગી આપવા અંગેની નીતિ સ્વયંસ્પષ્ટ હોવા છતાં શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યાસહાયકની ભરતી સમયે ખેલાડીઓને પસંદગી આપવા સંબંધે શિક્ષણ વિભાગ ધ્વારા અપનાવાયેલ પધ્ધતિ સંદર્ભે કેટલાક ઉમેદવારોએ નામ.વડી અદાલતમાં સ્પે.સી.એ.નં.૧૪૯૦૭/૨૦૦૪ દાખલ કરી દાદ માંગવામાં આવેલ હતી. જેમાં ઉપર ફકરા-૧(૨) માં દર્શાવેલ જોગવાઈના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો. જે પરત્વે સરકાર ધ્વારા જરૂરી સ્પષ્ટતા કરતા સરકારની સ્પષ્ટતા ધ્યાને લઈને નામ. વડી અદાલતે પીટીશનનો આખરી નિકાલ કરેલ હતો. આ પીટીશનનો નિકાલ કરતી વખતે નામ.વડી અદાલતે એવું પણ અવલોકન કરેલ છે કે રાજય સરકારે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ ના પરિપત્રની જોગવાઈ અંગે કરેલ અર્થઘટનની વિગતો દરેક જિલ્લાઓને પણ પરિપત્રિત કરવામાં આવે કે જેથી કરીને દરેક જિલ્લામાં નિયમો સમાનપણે અપનાવવામાં આવે.

૩. ઉપર્યુકત વિગતોના સંદર્ભમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ ના પરિપત્રના ફકરા-૨(ખ)માં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણ અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડવાની જે જોગવાઈ છે તેનો અમલ કરવા માટે ભરતીની જગ્યા/સેવા પર નિમણૂંક માટે જે ધોરણ નિયત થયેલ હોય તે ધોરણ મુજબના ટકામાંથી ૫ ટકા જેટલા ગુણ બાદ કરતાં જે ધોરણ નિયત થાય તે ધોરણ મુજબની લાયકાત ધરાવતાં ખેલાડી જો ઉપલબ્ધ હોય તો, અન્ય બીનખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદ કરવાને બદલે, ખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહે છે. દા.ત. જો કોઈ જગ્યા પરની ભરતી માટે

P.T.O.

૮૦ ટકાનું ધોરણ નિયત થયેલ હોય, એટલે કે મેરીટ લીસ્ટમાં છેલ્લો ઉમેદવાર ૮૦ ટકા પર હોય તો ઉકત ૮૦ ટકાના મહત્તમ ૫ ટકા ગણતા તે કેસમાં ૪ ટકા જેટલા ગુણ ઘટાડીને ધોરણ નક્કી કરવાનું રહે. એટલે કે આ કિસ્સામાં ૮૦-૪=૭૬ ટકા થાય. આમ ૭૬ ટકા પ્રાપ્ત કરેલ હોય તેવા રમત-ગમતના ખેલાડી એવા ઉમેદવાર છૂટછાટ સાથે ૮૦ ટકાએ પહોંચે છે એટલે જો બિનખેલાડી ઉમેદવાર ૮૦ ટકા ગુણ ધરાવતો હોય, અને ખેલાડી ઉમેદવાર ૭૬ ટકા ધરાવતો હોય તો તેના કિસ્સામાં ૪ ટકા ગુણ ઉમેરીને ખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૪. ઉપર પ્રમાણે ખેલાડી ઉમેદવારને મહત્તમ ૫ ટકા માર્કસની છૂટછાટનો લાભ આપ્યા બાદ જો અન્ય મેરીટ ધરાવતા ઉમેદવાર અને ખેલાડી ઉમેદવારના ગુણ સમાન થતા હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ ના ઉપરોકત ઠરાવની સુચનાઓ અનુસાર ખેલાડી ઉમેદવારને નિમણૂંક માટે પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૫. સચિવાલયના સર્વે વિભાગો/ખાતા-કચેરીના વડાઓ, રાજયના તમામ જાહેર ઉપક્રમો/નિગમોની ભરતી એજન્સીઓએ ઉપર્યુકત સ્પષ્ટતાઓ ધ્યાને લઈને આ યોજનાનો અમલ કરવાનો રહેશે અને સચિવાલયના સર્વે વિભાગોએ તેના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓને આ સુચનાઓ પરિપત્રિત કરવાની રહેશે. આ પરિપત્રથી ફકત યોજનાના અમલ માટેની સ્પષ્ટતા જ બહાર પાડવામાં આવેલ છે. આનાથી મૂળ યોજનામાં કોઈ ફેરફાર થતો નથી. આથી ઉપર સંદર્ભે લીધેલ ઠરાવો અને પરિપત્રોથી અપાયેલ સૂચનાઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ. સદાદીયા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત રાજય સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડા તથા કચેરીઓના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્રદ્વારા.